બિન સરકારી પૂર્વ પ્રાથમિક શાળાઓ
( બાલમંદિરો)ના કર્મચારીઓના પગાર
સુધારવા બાબત....

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પપશ/૧૦૯૮/૨૦૨૪-ન,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ. ૧૪ જુલાઈ 2000.

વંચાણમાં લીધા:-

૧. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો તા.૧/૪/૯૧નો ઠરાવ ક્રમાંક:પપશ/૧૪૮૫/૭૦૫(૧)-ન,

૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો તા.૧૭/૧૨/૯૮નો પત્ર ક્રમાંક:૩૬/બલમ/પગાર/૯૮/૫૯૨૪.

ઠ રા વ :-

બિન સરકારી પૂર્વ પ્રાથમિક શાળાઓ ( બાલમંદિરો )ના કર્મચારીઓના પગાર શિક્ષણ વિભાગના તા.૧/૪/૯૧ના ઠરાવથી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા હતા:-

(૧) તાલીમ શિક્ષક રૂા.૭૫૦/- માસિક ( ઉચ્ચક )
(૨) બિન તાલીમ શિક્ષક રૂા.૬૦૦/- માસિક ( ઉચ્ચક )
(૩) તેડાગર ........ રૂા.૩૦૦/- માસિક ( ઉચ્ચક )

ઉપર જણાવેલ પગારમાં છેલ્લા ઘણાં સમયથી વધારો કરવામાં આવેલ નથી.આથી સંબંધિત મંડળો/સંઘો તથા પૂર્વ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓ તરફથી તેઓને મળતા પગારમાં વધારો કરવો જોઈએ.તેવી રજુઆતો સરકારશ્રીમાં મળેલ હતી.આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે પૂર્વ પ્રાથમિક ( બાલમંદિરો ) શાળાઓના કર્મચારીઓનો નીચે મુજબનો પગારમાં વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) તાલીમ શિક્ષક રૂા.૧૫૦૦/- માસિક ( ઉચ્ચક )
(૨) બિન તાલીમ શિક્ષક રૂા.૧૨૦૦/- માસિક ( ઉચ્ચક )
(૩) તેડાગર ........ રૂા.૬૦૦/- માસિક ( ઉચ્ચક )

..૨.....

૨/- સરકાર પાસેથી અનુદાન મેળવતાં તેમજ અનુદાન ન મેળવતાં પરંતુ સરકારશ્રીની મંજૂરી મેળવીને શરુ કરવામાં આવેલ સરકાર માન્ય બાલમંદિરોએ ઉપર જણાવ્યાં પ્રમાણેના માસિક ઉચ્ચક પગાર જે તે સંસ્થાના કર્મચારીઓને ચૂકવવાના રહેશે. પંચાયત વિભાગ હેઠળના બાલમંદિરોના કર્મચારીઓને પણ ઉપર દર્શાવેલ સુધારેલ પગાર લાગુ પડશે.

૩/- આ હુકમોનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

૪/- આ હુકમોથી વિભાગના તા.૫/૬/૭૮ તથા તા.૬/૪/૯૬ના ઠરાવમાં કરવામાં આવેલ સુધારા સિવાયની ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત અમલમાં રહેશે.

૫/- આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૯/૭/૨૦૦૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. એસ. પારેખ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ,

પ્રતિ,
- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- મા.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- મા.નાણાં મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ( તેઓના તાબા હેઠળની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓને જાણ તથા જરુરી કાર્યવાહી કરવા સૂચના આપવા સારું.)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પ્રસિદ્ધિ આપવાની વિનંતી સહ..
- નાણાં વિભાગ, 'ચ' શાખા, સચિવાલય, ગાંધીનગર,
- વિભાગની સર્વે શાખાઓ,
- શાખા સિલેક્ટ ફાઈલ,
- ના.સે.અ.શ્રી, સિલેક્ટ ફાઈલ,

નાયક: